Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-3, Issue-7, Continuous Issue-23, January - February 2024

# મધુ રાયની ટૂંકી વાર્તાઓનુ ગદ્ય

-કામળિયા સંજયકુમાર બાલુભાઈ

*પ્રસ્તાવના:

મધુરાયના વાર્તાસંગ્રહની વાર્તાઓએ પોતાની પ્રયોગશિલતાના આધુનિકતાથી ગુજરાતી વાર્તા ને અવનવું રૂપ આપવામાં મહત્વનો ફાળો આપ્યો છે. આ વાર્તાકારોનું અનુભવ ક્ષેત્ર જેટલું વિશાળ નથી, તેટલું પ્રયોગ ક્ષેત્ર વિશાળ છે. લેખક હાલ અમેરિકા નિવાસી થયા છે.પરંતુ લેખક જ્યાં જ્યાં રહ્યા છે.એ દરેક શહેરને પોતાની કલમમાં ઉતારી તેમની કથા શૈલીનું વ્યાપ વિસ્તારતા રહ્યા છે.

આધુનિક ટૂંકી વાર્તાના વિશિષ્ટ લક્ષણો, પ્રગટ કરતી હોય આધુનિક ગુજરાતી વાર્તા ક્ષેત્રે નવી ભાત પાડી છે.સ્વાતંત્ર્યોતર ગુજરાતી ટૂંકી વાર્તાનો કાયાકલ્પ કરનાર ચંદ્રકાંત બક્ષી, સુરેશ જોશી ,કિશોર જાદવની હરોળના વાર્તાકારો માં આ વાર્તાઓએ એમને મોખરાનું સ્થાન અપાવ્યું છે.તેમની હરિયા શ્રેણીની વાર્તાઓનું પાત્ર હરિયો ગુજરાતી વાર્તા સાહિત્યમાં એક યાદગાર પાત્ર તરીકે સ્થાન પામ્યો છે.તો હાર્મોનિકા શ્રેણીની વાર્તાઓ દ્વારા લેખકે બાળ સુલભ શૈલીમાં અસ્તિત્વનો કોઈ જુદો જ સમતલ રંગ દોરી બતાવ્યો છે. હારમોનિકા શ્રેણીની વાર્તા ના અવનવા પ્રયોગો આ લેખક કર્યા છે. વિવેચકોમાં આ પ્રયોગો એ ભારે ઉહાપો જગાડ્યો હતો અને એમના વાર્તા પ્રયોગો વિવેચકોને હંમેશા પડકારતા રહ્યા . મધુ રાયના ગદ્યમાં અભિવ્યક્તિ અને ભાષાની તાજપ છે.પરંતુ આ સાથે તેમાં પ્રયોજાયેલી તળપદી ભાષાનો સહજ સંભળાતો રણકો ગધ્યમાં એક નવો જ સ્વાદ ઉમેરે છે.

ગદ્ય :

સૌપ્રથમ મધુ રાયની હરિયા જૂથની વાર્તાઓના ગદ્યને તપાસી મધુ રાઈની વિલક્ષણ ગણાતી હરિયા જૂથની વાર્તાઓમાં,' ઈંટોના સાત રંગ',' કાન',' મકાન',' વહાલનો દરિયો','બસ','લોકલ',' છોડ','જૂફાઈ',' ઉંટ',' પાપણ',' હરી કી કહાની કમ્પ્યુટર કી જબાની',' કઉતુક',' કલ્કી' જેવી કૃતિઓનો ઉલ્લેખ કરી શકાય આ બધી વાર્તાઓ હળવી શૈલીમાં લખાયેલી છે. તેથી તેમાં રોજીંદી ભાષાના સ્વરૂપનો ઉપયોગ થયો છે .આ વાર્તાઓ બોધ કથાઓનું આધુનિક રૂપ છે તેમાં પ્રયોજાયેલ ગદ્ય તેની ભાષા સ્વરૂપના સંદર્ભમાં વિશેષ આસ્વાદ્ય બની રહે છે. કેટલાક ઉદાહરણો જોઈએ:

' એકમાંથી બહુ ધાવું' એમ વિચારીને ભગવાને સૃષ્ટિનું સર્જન કર્યું છે. ભગવાનની આ લીલાં નું સ્વરૂપ ઊલટો ક્રમ ધારણ કરે તો? આ પ્રકારની વિસર્જન ની પ્રક્રિયા નું આબેહૂબ આલેખન' કઉતુક' વાર્તામાં કરવામાં આવ્યું છે.આ કલ્પના ને શબ્દસ્થ કરતું મધુ રાયનું ગદ્ય કેવું છે જુઓ:

‘ એક દી સવારના પોરમાં હૈયો દાતણ કરતો હતો. અને એક કઉતુક થયું દાતણ તો વાતો કરવા મૈડુ….. દાતણ કયે કે, હરિભાઈ હું તો હાઈલુ………’

હરિયાએ તો કહ્યું' ભાભી ભાઈ' આઈ એ નવું? બાવળે કહ્યું હરીયાભાઈ શું ફકર કરો છો? તો હરિયાએ કહ્યું ભાઈ આ છે શું બધું? બાવલે કહ્યું, અમે સૌ પાછા જઈએ છે. બાવળ નું ઝાડ તો વાતો કરતું જાય અને નાનું નાનું થતું જાય. હરિયાએ કહ્યું કેમ આમ થાય છે? તો બાવળે કહ્યું, કોક દી એમે થાય. જોવો, હવે હું નાનો છોડ થઈ ગયું અને જોજો થોડીક વારમાં નાનો રોપ અને એને પછી સાવ નાનું બી બની જઈશ.સમજ ન પડે તો જઈને પૂછો ભગવાનને ' ( કઉતુક, પૃ.૧૩)

દુનિયાને સમજી લેવાની ઈચ્છા પરિપૂર્ણ ત્યારે કેવી મુશ્કેલી સર્જાય છે. આત્મજ્ઞાન માણસને કેવો વ્યર્થિત કરે છે તે સત્યને આલેખથી હરિયા જૂથની વાર્તા ‘બસ' માંથી એક ગધ્યખંડ લઈએ:

‘ હરિયાએ તો લીધા પાર્ટીને પેન ને નીકળ્યો દુનિયાને સમજવા. સૃષ્ટિનો ભેદ પામવા હરિયાએ રાજાઓમાં રાજ દરબાર જોયા ને ગરીબોના ઘર તપાસ્યા ને પંખીઓના માળા ગણ્યા ને પશુઓની બોડ નિહાળી જંતુઓના દરમાંથી જોયા ફૂલોની કેરીઓ ખોદીને વેલીઓના મંડપ માણ્યા હરિયાએ બધું માંડ્યું લખાણ પાર્ટીને પેનથી અને હરિયાને બધું માંડ્યું સમજાવવા ધરતી ઉપરથી હરિયો ઉતર્યો સમુંદરમાં અને ખેલ જોયા, એને તો ભાત ભાતના દરિયાને સમજીને હરિયો ઉપાડ્યો આકાશમાં, ને બધું જોઈ કરી સમજીને પાછો આવીને બેઠો પોતાના ઘરમાં…….ને બસ હાલી દુનિયા ફરીથી, હરણા દોડ્યા પુરપાટ, ને દરિયો ઉછળ્યો સાંડાને અડવા અને તારા ફરી ચડ્યા ત્યારે રાશિઓના સકરાવે અને સુરજ ચાંદાએ ફરી આદરી પૃથ્વીની પ્રદિક્ષણા, માણસોએ ફરી મચાવી દીધો શોર અને પંખીઓએ ભરી દીધું આકાશ, પાખની ચામરો ઢાળી ઢાળીને. ( કાલસર્પ પૃ.૧૪૦)

વિશારદત્વની વિડંબના કરતી વાર્તા' કાન' પણ તેમાં પ્રયોજાયેલ ગધ્યને કારણે વિશેષ નોંધપાત્ર રહી છે. માણસ વ્યક્તિના એક અંગને જ પ્રાધાન્ય આપીને વ્યક્તિને વ્યક્તિ શૂન્ય કરી દે છે. તેના માણસ તરીકે ના અસ્તિત્વને ગૌણ બનાવી દે છે .માનવ જીવન અને જગતના આ પ્રકારના નિરીક્ષણો મધુ રાઈને ‘કાન' જેવી રચના કરવા પેર્યા છે આ રચનામાં પણ ડોક્યુ કરીએ તો વિલક્ષણ ગદ્ય, ભાષા જોવા મળશે.

‘ હરિયો હવે કાનવાળી વાત સમજી ગયો હતો. એટલે એણે બેઉ જણ પાસે કાન વિશે ખૂબ વાતો કરી. હરિયાને થયું ના ના ક્યો ને ક્યો પણ કાનય.ગધેડીનો છે. રૂપાળો આપણો બાકી………'

‘ પણ હરિયાને રહી રહીને થાતુ તું કે આમ તો કેમ રહેવાય. નિશાળ ન મળે, નદી ન મળે, કેટલા દિવસ રહેવાય પણ સાહેબે કહ્યું ,હરિભાઈ હવે તમને ખંભારિએ નહીં ગમે પણ હરિયો તો કહે છે કે મને ખંભારિએ જાવા દ્યો,તો જ હા નકર ના.’. ( રૂપ કથા' પૃ.૧૫૦)

આ ગદ્ય ખંડમાં બોલ ચાલના શબ્દો રૂઢિપ્રયોગો ઊકતી વિશિષ્ટ, શૈલી વિશેષ ભાષાના લાક્ષણિક શબ્દો ગદ્ય ને જીવંતતા અને તાજગી બક્ષે છે. હરિયાના પાત્રની લાક્ષણિકતાઓ વર્ણવતા મધુ રાયે તેમના ગદ્ય અને તેમાં પ્રયોજાયેલી ભાષાની લાક્ષણિકતાઓ પણ અનાયાસ પ્રગટ કરી દીધી છે.

*સંદર્ભ સૂચિ:


(૧)' મધુ રાયનું કથા સાહિત્ય’-ડૉ. સંજય દવે આવૃત્તિ, ૨૦૦૪ પૃ.૫૫

(૨) ‘કાલસર્પ’ - મધુ રાય આવૃત્તિ,૧૯૭૨ પૃ.૧૬૭

(3)’ રૂપ કથા’ - મધુ રાય આવૃત્તિ,૧૯૭૨ પૃ.૧૪

(૪) 'ઈંટો ના સાત રંગ’ – મધુ રાય

(૫) ' મધુ રાયની વાર્તાકલા’- ડૉ.પારુલ રાઠોડ પૃ.૭૩


**********

---


કામળિયા સંજયકુમાર બાલુભાઈ

પીએચ.ડી.(સ્કોલર) ગુજરાતી